# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

SGCCI

**(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),**

"સમૃધ્ધિ", ૪થો માળ, મક્કાઈ પુલ, નાનપુરા, સુરત – ૩૯૫ ૦૦૧

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in

---

રેફ નં. તા : ૪/૩/૨૦૨૧

તંત્રીશ્રી, ____________________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.
આપનો વિશ્વાસુ,

(ડે. સેક્રેટરી)

---

## ચેમ્બરમાં 'ફાયનાન્શીયલ ડિસીપ્લીન એન્ડ રિસ્ક મેનેજમેન્ટ અન્ડર આઇબીસી' વિષય ઉપર સેમિનાર યોજાયો

**સુરત.** ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી દ્વારા ગુરૂવાર, તા. ૪ માર્ચ, ૨૦૨૧ના રોજ 'ફાયનાન્શીયલ ડિસીપ્લીન એન્ડ રિસ્ક મેનેજમેન્ટ અન્ડર આઇબીસી' વિષય ઉપર સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં બેંક ઓફ બરોડાના રિજીયોનલ મેનેજર અશ્વિની કુમાર, સ્ટેટ બેંક ઓફ ઇન્ડીયાના આસિસ્ટન્ટ જનરલ મેનેજર ઓરોબિન્દો પાત્ર અને ઇન્સોલ્વન્સી પ્રોફેશનલ સીએ પ્રદીપ કાબ્રાએ ઉદ્યોગ સાહસિકોને મહત્વનું માર્ગદર્શન આપ્યું હતું.

અશ્વિની કુમારે બેન્કીગમાં ફાયનાન્શીયલ ડિસીપ્લીનની જરૂરિયાત વિશે વિસ્તૃત માહિતી આપી હતી. તેમણે જણાવ્યું હતું કે, ખાતેધારક અને બેંકર્સ બંનેએ નિયમનું પાલન કરવું જ પડશે. રોકાણ માટે પ્લાનિંગ કરો ત્યારે બધી જ બાબતો અને નિયમોનો અભ્યાસ કરવો જોઇએ અને ત્યારબાદ જ કાળજીપૂર્વક રોકાણ કરવું જોઇએ. તેમણે કહયું કે ડિસીપ્લીન એટલે બેરીયર નહી પણ ફેસીલીટેટર. માર્કેટ કયારેય કન્ટ્રોલ થઇ શકતું નથી. આથી નિયમોનું પાલન કરીને લાંબાગાળાનું વિચારીને ખાતેધારકોએ રોકાણ કરવું જોઇએ. જેથી કરીને બાદમાં મુશ્કેલીમાં મુકાવવાનો સમય નહી આવે.

ઓરોબિન્દો પાત્રએ અકાઉન્ટીગ ફોર બિઝનેસ વિશે સમજણ આપતા જણાવ્યું હતું કે, ઉદ્યોગકારો જ્યારે તેમની બેલેન્સશીટમાં પ્રોફીટ બતાવશે ત્યારે જ તેમની નેટવર્થ વધશે અને તેઓ બિઝનેસ સારી રીતે ચલાવી શકશે. કેટલાક કિસ્સામાં એવું બનતું હોય છે કે બેલેન્સશીટમાં ઘણો ઓછો નફો બતાવેલો હોય છે અને વધારે લોનની

અપેક્ષા રાખવામાં આવતી હોય છે. આવા કિસ્સામાં તેમણે સંપૂર્ણ ટેક્સ પે કરીને બેલેન્સશીટમાં ચોકસાઇ રાખવા માટે ઉદ્યોગકારોને સલાહ આપી હતી.

સીએ પ્રદીપ કાબ્રાએ ઇન્સોલ્વન્સી એન્ડ બેન્કરપ્સી કોડ હેઠળ ફાયનાન્શીયલ રિસ્ક મેનેજમેન્ટ વિશે વિસ્તૃત ચર્ચા કરી હતી. તેમણે ઇન્સોલ્વન્સી એન્ડ બેન્કરપ્સી કોડના કોર કોન્સેપ્ટ વિશે માહિતી આપતા જણાવ્યું હતું કે, આઇબીસી પ્રત્યે લોકોમાં ખોટી ધારણા છે. આઇબીસી, બિઝનેસ બંધ કરવા માટે નહી પણ ઉદ્યોગ સાહસિકોને સહયોગ આપવા માટે છે. એનપીએવાળા કેસમાં જ્યારે મશીનરી વર્ષોથી બંધ પડેલી છે અને પ્રોડકટ પણ ખરાબ થવાને આરે હોય ત્યારે જ્યારે આઇબીસીનો તેમાં ભૂમિકા ભજવવાની હોય ત્યારે આઇબીસી આવી કંપનીને બાગડૌર અન્ય અને યોગ્ય મેનેજમેન્ટને સોંપવાનો નિર્ણય લેતી હોય છે.

તેમણે વધુમાં જણાવ્યું હતું કે, આઇબીસીનો કાયદો બની ગયો છે અને તે અમલમાં આવે તે પહેલાં બેલેન્સશીટમાં ખરી એન્ટ્રીઓ પડાવવાની તેમણે સલાહ આપી હતી. પેમેન્ટ ડિસ્પ્યુટના કિસ્સાઓમાં પણ જે લોકો પેમેન્ટ નહી કરતા હોય અને તેઓની સાથેનો વ્યવહાર લેખિતમાં હશે તો એવા કિસ્સામાં પણ આઇબીસી કાયદા હેઠળ ડિમાન્ડ નોટિસ અપાશે તો કાયદા પ્રમાણે પેમેન્ટ કરવું જ પડશે. આથી લોન લેતી વખતે પણ કાળજી રાખવી પડશે. આઇબીસી આવવાથી ગ્રાહક, બેંકર્સ કે ઉદ્યોગકારોને નુકસાન થશે તે ધારણા તદ્દન ખોટી હોવાનું તેમણે જણાવ્યું હતું.

આ સેમિનારમાં ચેમ્બરના માનદ્ ખજાનચી મનિષ કાપડીયાએ સ્વાગત પ્રવચન કર્યું હતું. સેમિનારનું સમગ્ર સંચાલન ચેમ્બરની બેન્કીગ કમિટીના કો–ચેરમેન પ્રદીપ શેઠે કર્યું હતું. કમિટીના સભ્યો ડો. ચિંતન પાઠક, ચિરાગ ખેમાની અને સીએ હરીશંકર તોસનીવાલે વકતાઓનો ટૂંકમાં પરિચય આપ્યો હતો. અંતે બેન્કીગ કમિટીના કો–ચેરમેન બવન નવાપરાએ સર્વેનો આભાર માની સેમિનારનું સમાપન કર્યું હતું.